# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/041 Dt. 11/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મુંબઇ ખાતે સ્વિત્ઝર્લેન્ડ, તુર્કી, મેકિસકો, ઇજિપ્ત અને સાઇપ્રસના કોન્સુલ જનરલો સાથે મિટીંગો કરી

## દક્ષિણ ગુજરાત અને સંબંધિત દેશો વચ્ચે દ્વિપક્ષીય વ્યાપારને વધારવા તેમજ ચેમ્બર દ્વારા ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન આયોજિત 'ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો (GITE Expo)'માં સક્રિય રીતે ભાગ લેવા માટે કોન્સુલ જનરલોને અનુરોધ કરાયો

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ સહિતના પ્રતિનિધિ મંડળે તા. ૨ અને ૩ જુલાઇ ૨૦૨૫ દરમ્યાન મુંબઇ ખાતે સ્વિત્ઝર્લેન્ડ, તુર્કી, મેકિસકો, ઇજિપ્ત અને સાઇપ્રસના કોન્સુલ જનરલ સાથે મિટીંગો કરી સુરત સહિત દક્ષિણ ગુજરાત અને સંબંધિત દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારને વધારવા મહત્વની ચર્ચા વિચારણા કરી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આગામી તા. ૨૩થી ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે આયોજિત 'ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો (GITE Expo)'ને માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વભરમાં સાર્વત્રિક બનાવવાના હેતુથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સ્વિત્ઝર્લેન્ડ, તુર્કી, મેકિસકો, ઇજિપ્ત અને સાઇપ્રસના બિઝનેસમેનો, રોકાણકારો તેમજ ટુરીઝમ ક્ષેત્રની સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને

આ એક્ષ્પોમાં સક્રિય રીતે ભાગ લેવા માટે તેમજ તેની મુલાકાત લેવા માટે સંબંધિત કોન્સુલ જનરલને ચેમ્બરના પ્રતિનિધિ મંડળ તરફથી અનુરોધ કરવામાં આવ્યો હતો.

સૌપ્રથમ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ૨ જુલાઇએ મુંબઇ સ્થિત રિપબ્લીક ઓફ સાઇપ્રસના ઓનરરી કોન્સુલ શ્રી વિરાજ કુલકર્ણી સાથે મિટીંગ કરી દક્ષિણ ગુજરાત અને સાઇપ્રસ વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાના વિષયને લઈને ફળદાયી ચર્ચા કરવામાં આવી હતી. શ્રી કુલકર્ણી દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના તાજેતરની સાઇપ્રસ મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બન્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું અને આવનારા સમયમાં વિવિધ ક્ષેત્રોમાં વ્યાપારિક વૃદ્ધિ થવાની શકયતા વ્યકત કરવામાં આવી હતી.

સાઇપ્રસના ઓનરરી કોન્સુલ શ્રી વિરાજ કુલકર્ણીએ એસજીસીસીઆઇ અને સાઇપ્રસ ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે મ્યુચ્યુઅલ સહકાર વધારવા માટે સમજૂતિ કરાર કરવા માટે સંપૂર્ણ સહયોગ આપવાનું આશ્વાસન આપ્યું હતું. સાથે જ તેમણે ચેમ્બર ઓફ કોમર્સની લેડીઝ વીંગને સાઇપ્રસની વુમન કમિટી સાથે જોડવાની તત્પરતા દર્શાવી, બંને દેશોની મહિલા ઉદ્યોગ સાહસિકોમાં સહયોગ અને સંયુકત પહેલ દ્વારા વેપાર સબંધી વિકાસના અવસરો ઊભા થાય તે દિશામાં સહકાર આપવાની ખાત્રી આપી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ૨ જુલાઇએ મુંબઇ સ્થિત ઇજિપ્તના કોન્સ્યુલેટ જનરલ ઓફિસના વાઇસ કોન્સુલ મીસ દિના અલ્બાહે (Ms. Dina Albahey) સાથે મિટીંગ કરી હતી. તેમની સાથે પણ દ્વિપક્ષીય વેપાર વધારવાના વિષય પર મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. ચેમ્બરના પ્રતિનિધિઓએ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો વિષે માહિતી આપી તેમને એક્ષ્પોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત, ઈજિપ્તમાં ઉપલબ્ધ વેપાર તથા રોકાણના અવસરો અંગે વિગતવાર માહિતી આપવાની વિનંતી કરવામાં આવી હતી, જેથી ભારત અને ઈજિપ્ત વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવી શકાય.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ૨ જુલાઇએ મુંબઇ સ્થિત મેકિસકોની કોન્સ્યુલેટ ઓફિસના કોન્સુલ જનરલ શ્રી અડોલ્ફો ગાર્સિયા એસ્ટ્રાડે (Mr. Adolfo Garcia Estrade) સાથે મિટીંગ કરી દ્વિપક્ષીય વેપાર વધારવા માટેના સંભવિત ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવી હતી. શ્રી એસ્ટ્રાડેએ પેટ્રોલિયમ, સોલાર એનર્જી અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં વિશેષ રસ દાખવ્યો હતો, જ્યારે ચેમ્બરના પ્રતિનિધિઓએ દક્ષિણ ગુજરાતમાં આ ક્ષેત્રોમાં થયેલા ડેવલપમેન્ટ અને તેની ઔદ્યોગિક ક્ષમતા અંગે માહિતી આપી હતી. બંને પક્ષોએ દ્વિપક્ષીય સહયોગ માટે સંયુકત તકો ઓળખવા તથા મેકિસકો અને દક્ષિણ ગુજરાત વચ્ચે લાંબા ગાળાના વેપાર સંબંધો મજબૂત બનાવવાની દિશામાં સહકાર પ્રસ્થાપિત કરવા વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ૩ જુલાઇએ મુંબઇ સ્થિત સ્વિત્ઝર્લેન્ડની કોન્સ્યુલેટ જનરલ ઓફિસના કોન્સુલ જનરલ શ્રી માર્ટિન યુ. માયરે (Mr. Martin U. Maier) સાથે મિટીંગ કરી હતી. શ્રી માયરે સ્વિત્ઝર્લેન્ડની વર્તમાન પ્રવાસન ક્ષેત્રનું અવલોકન કરી દક્ષિણ ગુજરાતના કાપડ ઉદ્યોગ અને મશીનરી સેકટર માટે વિશેષ રસ દાખવ્યો હતો. ખાસ કરીને સ્વચ્છ અને સસ્ટેનેબલ ઉદ્યોગો પર ભાર આપ્યો હતો. તેમણે ચેમ્બરના ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પોની માહિતી સ્વત્ઝર્લેન્ડના ટુરિઝમ બોર્ડને આપવાનો વિશ્વાસ આપ્યો હતો, જેથી ભવિષ્યમાં સહયોગ અને ભાગીદારી માટે તકો ઊભી કરી શકાય.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે ૩ જુલાઇએ મુંબઇ સ્થિત તુર્કીના કોન્સ્યુલેટ જનરલ ઓફિસના કોન્સુલ જનરલ શ્રી એમ. કેમાલેટ્ટીન એરુયગુર (Mr. M. Kemalettin Eruygur) સાથે કરી દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઇલ અને યાર્ન ક્ષેત્રો પ્રત્યે તુર્કીના રસ અંગે ચર્ચા થઈ હતી. બંને પક્ષોએ એપેરલ અને યાર્ન ઉદ્યોગમાં પારસ્પરિક વ્યવસાયિક એકસચેન્જ અને સપ્લાય ચેઇનને મજબૂત બનાવી આયાત–નિકાસમાં વૃદ્ધિ માટે શકયતાઓ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સાથે જ ડેલીગેશન એકસચેન્જ કાર્યક્રમો અને બાયર–સેલર મીટ અંગે સહમતિ વ્યકત કરવામાં આવી હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તુર્કી ઉદ્યોગકારોને આગામી પ્રદર્શનોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને બંને દેશો વચ્ચે વેપાર, રોકાણની તકો તથા સંયુકત સાહસોને આગળ વધારવા બીટુબી બેઠક યોજવા માટે સૂચન આપવામાં આવ્યું હતું.